# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

ધોરણ : ૭ | સામાજીક વિજ્ઞાન | કુલ ગુણ : ૮૦
તારીખ : ૧૫/૦૪/૨૦૧૯ | (દ્વિતીય સત્ર) | સમય : ૭-૧૫ થી ૧૦-૧૫

પ્રશ્ન - 1 યોગ્ય વિકલ્પ પસંદ કરો. (16)

(1) મધ્યકાળમાં ગુજરાતનાંનીચેનામાંથી કયા વંશના શાસકોએ શાસન કરેલ નથી?
(A) ચાવડાવંશ (B) પલ્લવવંશ (C) સોલંકીવંશ (D) વાઘેલાવંશ

(2) 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામનો વ્યાકરણગ્રંથ કોણે રચ્યો હતો ?
(A) ભવભૂતિ (B) ભાલણ (C) હેમચંદ્રાચાર્યજી (D) મેરુતુંગ

(3) ભારત દેશની મધ્યમાંથી કયું વૃત્ત પસાર થાય છે?
(A) મકરવૃત (B) કર્કવૃત (C) વિષુવવૃત (D) એકપણ નહીં

(4) બિહારની કઇ નદીમાં દર વર્ષે ભયંકર પૂર આવે છે
(A) સતલુજ (B) કોસી (C) બ્રહ્મપુત્રા (D) નર્મદા

(5) આપણા દેશના ન્યાયતંત્ર માટે નીચેનું કયું વિધાન અયોગ્ય છે?
(A) આપણા દેશનું ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિષ્પક્ષ છે
(B) આપણા દેશમાં દીવાની અને ફોજદારી દાવાઓ અંગે ન્યાય આપવામાં આવતો નથી
(C) આપણા દેશમાં સળંગ ન્યાયતંત્રની વ્યવસ્થા છે
(D) આપણા દેશમાં ન્યાયતંત્રને ઝડપી બનાવવા લોક-અદાલત કાર્યરત છે.

(6) મુઘલ શાસકોના શાસન પ્રમાણે સાચો ક્રમ કયો?
(A) બાબર, અકબર, હુમાયુ, જહાંગીર (B) બાબર, હુમાયુ અકબર, જહાંગીર
(C) બાબર, જહાંગીર, અકબર, હુમાયુ (D) બાબર, હુમાયુ જહાંગીર, અકબર

(7) મુઘલ સમયમાં પરગણાના ઉપરીને શું કહેતા?
(A) આમીલ (B) દીવાન (C) સુબો (D) કાઝી

(8) આકાશીય ખેતીમાં કયા પાકનો સમાવેશ થતો નથી ?
(A) બાજરી (B) જુવાર (C) ઘઉં (D) મકાઈ

(9) ચલણી નોટો બનાવવાનો કાગળ કયાં બને છે?
(A) નેપાનગર (B) હોશંગાબાદ (C) અંકલેશ્વર (D) જમશેદપુર

(10) અકબરનો પુત્ર સલીમ કયું નામ ધારણ કરીને દિલ્હીની ગાદીએ આવ્યો હતો ?
(A) જહાંગીર (B) આલમગીર (C) શહેનશાહ (D) શાહજહાં

(11) જહાંગીરના સમયમાં કયો ઉત્સવ ઠાઠમાઠથી ઊજવવામાં આવતો હતો?
(A) હોળી (B) દશેરા (C) રમજાન ઈદ (D) નાતાલ

(12) તમે કેવી નિશાનીવાળા સોનાચાંદીના દાગીના ખરીદશો?
(A) એગમાર્ક (B) ISI (C) હૉલમાર્ક (D) વુલમાર્ક

(13) નીચેનામાંથી કયું જ્યોતિર્લિંગ ગુજરાતમાં આવેલું છે?
(A) કેદારનાથ (B) સોમનાથ (C) ઓમકારેશ્વર (D)બૈજનાથ

(14) સલ્તનતકાળ દરમિયાન બનાવેલું તળાવ 'હોજે કુતુબ' આજે અમદાવાદમાં કયા નામે ઓળખાય છે ?
(A) ચંડોળા તળાવ (B) વસ્ત્રાપુર તળાવ (C) કાંકરિયા તળાવ (D) અડાલજનું તળાવ

Scanned by CamScanner

(15) નૌકાઘર એટલે કે શિકારા ક્યા સરોવરમાં જોવા મળે છે?

(A)નળ સરોવર (B) ઢેબર સરોવર(C) દલ સરોવર (D) ચિલ્કા સરોવર

(16) ગુરુનાનકના ઉપદેશને ક્યા ગ્રંથમાં સંગ્રહિત કરાયો છે?

(A) અવેસ્તા (B) ગ્રંથ સાહેબ (C) ગીતા (D) બાઇબલ

પ્રશ્ન - 2(A)ખાલી જગ્યા પૂરો. (5)

(1) દરેક ઉપયોગ કરી શકે તેવી સંપત્તિને .................... કહેવાય છે.

(2) ઘઉંની ખેતી માટે ઉત્તર અમેરિકાનું.................... મેદાન વિશ્વવિખ્યાત છે.

(3) જ્વાળામુખીનું વતન.................... ખંડને ગણવામાં આવે છે.

(4) અકબરે આગ્રાની નજીક .................... માં નવી રાજધાનીની રચના કરી હતી

(5) રાજસ્થાનમાં....................નું રણ આવેલું છે

પ્રશ્ન - 2 (B) મને ઓળખો. (5)

(1) મારા વિસ્તારમાં વધુ ધુડખર જોવા મળે છે

(2) ન્યાયતંત્રને ઝડપી અને બિનખર્ચાળ બનાવવા મારી રચના કરવામાં આવે છે

(3) મારે ત્યાં 15મી ઑગષ્ટે દેશના વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે.

(4) હું ભારતનું એવું રાજ્ય છું કે જ્યાં બાજરીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.

(5) મધ્યકાળમાં હું ગુજરાતની રાજધાનીનું નગર હતું

પ્રશ્ન - 2 (C) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (5)

(1) મહારાષ્ટ્રમાં બાજીરાવે મરાઠા રાજ્યની સ્થાપના કરી હતી.

(2) ઊનનો પોશાક ખરીદતી વખતે આપણે એગમાર્કનું ધ્યાન રાખવું જોઈએ

(3) પાલીતાણામાં જૈનોનું મહાતીર્થ આવેલું છે

(4) મારવાડનું લાવણી નૃત્ય ખૂબ જાણીતું છે

(5) ચૈતન્ય મહાપ્રભુએ બંગાળમાં હરિ બોલનો મંત્ર ગુંજતો કર્યો હતો

પ્રશ્ન - 2 (D)યોગ્ય જોડકાં જોડો . (5)

| (A) | (B) |
|---|---|
| (1) કીર્તિતોરણ | (A) નજીરી અદાલત |
| (૨) કાન્હા | (B) આગ્રા |
| (3) વડી અદાલત | (C) વડનગર |
| (4) ઊની કાપડ ઉદ્યોગ | (D) વાઘનું રાષ્ટ્રીય ઉદ્યાન |
| (5) તાજમહેલ | (E) લુધિયાણા |
| | (F) સર્વોચ્ચ અદાલત |

(E) નીચે આપેલ વિગતોનું સ્થાપત્ય અને સાહિત્યમાં વર્ગીકરણ કરો. (4)

(અકબરનામા, લાલકિલ્લો, મોઢેરાનું સૂર્યમંદિર, દ્વયાશ્રય, કુતુબમિનાર જુમ્મામસ્જિદ, ગ્રંથસાહેબ,આઈને અકબરી)

| સ્થાપત્ય | સાહિત્ય |
|---|---|
| | |

Scanned by CamScanner

પ્રશ્ન - 3 (A ) નીચેના પ્રશ્નના જવાબ એક બે વાક્યોમાં આપો. (કોઈપણ પાંચ) (10)

(1) સોલંકીવંશમાં ક્યા ક્યા મહાન રાજવીઓ થઈ ગયા?

(2) ઉત્તર ભારતની નદીઓનાં નામ લખો.

(3) ગુજરાત રાજ્યની વડી અદાલતની સ્થાપના કયા અને કયારે થઈ હતી ?

(4) બાબર અને ઇબ્રાહિમ લોદી વચ્ચે ક્યા મેદાનમાં યુદ્ધ થયું? તેનું પરિણામ શું આવ્યું?

(5) સિંચાઇની ખેતી એટલે શું ?

(6) શાહજહાંએ કયા કયા સ્થાપત્યો બંધાવ્યાં હતાં?

પ્રશ્ન - 3 (B)નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (કોઈપણ ત્રણ) (6)

(1) ખનિજ

(2) દીવાની વિવાદ

(3) સંસાધન

(4) સૂકી ખેતી

પ્રશ્ન- 4(A) કારણો આપો. (કોઈપણ ચાર) (12)

(1) આપણે ખરીદી વખતે હંમેશાં બીલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ.

(2) તાજમહેલ વિશ્વની અજાયબીમાં સ્થાન પામેલ છે.

(3) ભારત વિવિધતાઓ ધરાવતો દેશ છે.

(4) ભક્તિ આંદોલનમાં વલ્લભાચાર્યનું મહત્ત્વ સવિશેષ છે.

(5) ઉત્તર અમેરિકામાં ફળદ્રુપ મેદાનોની રચના થઈ છે

પ્રશ્ન- 4 (B) ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) (8)

(1) મુઘલ સમયનું સમાજજીવન

(2) ગ્રાહકના અધિકારો

(3) ઉત્તર અમેરિકા ખંડ

પ્રશ્ન-5 ભારતના રેખાંકિત નકશામાં નકશાપૂર્તિ કરો (4)

(1) નર્મદા નદી

(2) કચ્છનું રણ

(3) દિલ્હી

(4) સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ

(માત્ર પ્રજ્ઞાચક્ષુ પરીક્ષાર્થીઓએ નકશાના સ્થાને ભારતનાં આઠ રાજ્યો અને એની રાજધાનીનાં નામ લખવાં)

Scanned by CamScanner